# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04/09/2026** **Morning : 7.10 to 7.20**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **"વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2027 ને ઉદ્યોગ-રોકાણ તકોને વધુ મજબૂત અને વિસ્તૃત કરવા માટેનું ઉત્તમ વૈશ્વિક મંચ ગણાવતા મુખ્ય મંત્રી.**
2. **રાજ્ય સરકારે પોલીસ વિભાગમાં 500 નવી જગ્યાઓ ભરવાની મંજૂરી આપી.**
3. **રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દ્વારા ગાંધીનગર ખાતે યોજાયેલી શિબિરમાં, 45 કેસોની સુનાવણી બાદ 3 કરોડ 5 લાખ રુપિયાથી વધુનુ વળતર ચૂકવાયું.**
4. **રાજ્યભરમાં આજે જન્માષ્ટમી પર્વની આસ્થા અને ભક્તિભાવ સાથે ઉલ્લાસપૂર્વક ઉજવણી.**
5. **અમદાવાદમાં આવતીકાલથી દિવ્યાંગ તીરંદાજો માટેની આંતરરાષ્ટ્રીય તીરંદાજી સ્પર્ધા યોજાશે.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# VIBRANT GUJARAT 2027: CM MEETS INDUSTRY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું "વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2027 ઉદ્યોગ-રોકાણ તકોને વધુ મજબૂત અને વિસ્તૃત કરવા માટેનું એક ઉત્તમ વૈશ્વિક પ્લેટફોર્મ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે મહારાષ્ટ્રના પાટનગર મુંબઈમાં વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન 2027ને અનુલક્ષીને ઉદ્યોગજગતના વિવિધ ઉદ્યોગપતિઓ સાથે વનટૂવન બેઠક યોજી હતી અને અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે રોકાણ વિસ્તરણ અને આર્થિક સહયોગ અંગે ચર્ચા કરી હતી. મુખ્યમંત્રીએ રાજ્યના મજબૂત માળખાકીય સુવિધાઓ અને રોકાણકારોને અનુકૂળ નીતિઓ પર પ્રકાશ પાડી ગુજરાતના વિકાસમાં ભાગીદાર બનવા ટોચના નિગમોને હાકલ કરી હતી.

## (BYTE: CM BHUPENDRA PATEL ON GUJARAT)

***(गुजरात को विश्व भर के निवेशकों का ट्रस्टेड पार्टनर बनाने के विज़न से आदरणीय श्री मोदी साहब ने इस समिट की शुरुआत की थी। सेमीकॉन, एआई, डेटा सेंटर, ग्रीन हाइड्रोजन, रिन्यूएबल एनर्जी, एयरोस्पेस, डिफेंस एंड एडवांस्ड मैन्युफैक्चरिंग जैसे नए सेक्टर्स गुजरात के फ्यूचरिस्टिक डेवलपमेंट के पिलर बन रहे हैं। आज गुजरात भारत का इंडस्ट्रियल पावर हाउस होने के साथ ग्लोबल गेटवे भी बन गया है।)***

તેમણે કહ્યું કે ભારત ઝડપથી વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે.

## (BYTE: CM BHUPENDRA PATEL ON GDP INDIA)

***(हमारी इकॉनमी 2026-27 के फर्स्ट क्वार्टर में 7.8% का जीडीपी ग्रोथ रेट दर्ज किया है। यह प्रभावशाली आंकड़ा प्रधानमंत्री श्री नरेंद्र भाई मोदी जी के नेतृत्व में भारत की बढ़ती आर्थिक ताकत का एक शानदारउदाहरण है। भारत आज वर्ल्ड की थर्ड लार्जेस्ट इकॉनमी बनने की ओर तेजी से आगे बढ़ रहा है, यह जीडीपी ग्रोथ रेट इसका प्रमाण है।)***

# RECRUITMENT

રાજ્ય સરકારે પોલીસ વિભાગમાં 500 નવી જગ્યાઓ ભરવાની મંજૂરી આપી છે.

આ 500 જગ્યાઓ મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ માટે ડ્રાઈવર પોલીસ કોન્સ્ટેબલ, વર્ગ-3ની રહેશે. રાજ્યના વિવિધ પોલીસ એકમોમાં જરૂરિયાત મુજબ આ નવી જગ્યાઓની ફાળવણી કરવામાં આવી છે. ફાળવણી મુજબ અમદાવાદ શહેર પોલીસ માટે 50 જગ્યાઓ, જ્યારે સુરત શહેર, વડોદરા શહેર અને રાજકોટ શહેર પોલીસ માટે 20-20 જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે.

આ ઉપરાંત અમદાવાદ ગ્રામ્ય પોલીસ માટે 10 જગ્યાઓ ફાળવવામાં આવી છે. રાજ્યના અન્ય વિવિધ જિલ્લા પોલીસ એકમોમાં પણ નવી જગ્યાઓ ફાળવવામાં આવી છે. આ ભરતીથી પોલીસ વિભાગના મોટર ટ્રાન્સપોર્ટ વિભાગમાં માનવબળ વધશે અને પોલીસ એકમોની કામગીરીને વધુ સુદૃઢ બનાવવામાં મદદ મળશે.

# ARVALLI POLICE HOUSE OPENING

**અરવલ્લી જિલ્લામાં નવીન પોલિસ આવાસોનું રાજ્ય કક્ષા મંત્રી કમલેશ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ. 11 કરોડ 54 લાખના ખર્ચે તૈયાર થયેલા નવીન આવાસમાં DYSP બંગ્લોઝ, પોલિસ ઇન્સ્પેક્ટર ના 8 ફ્લેટ તેમજ પોલિસ સબ ઇન્સ્પેક્ટરના 20 ફ્લેટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ સાથે જ લાયબ્રેરી અને આંગણવાડી પણ શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે રાજ્યકક્ષામંત્રી કમલેશ પટેલે વધુમા આ મુજબ જણાવ્યું હતું.**

## (BYTE: KAMLESH PATEL, MINISTER OF STATE)

*(સેવા, સુરક્ષા અને શાંતિના ધ્યેયને લઈને આગળ વધતી અરવલ્લી જિલ્લાની પોલીસ અને પોલીસના જવાનોને શાંતિ, સુરક્ષા અને સારા મકાન મળે મોડાસા મુકામે અમારા પીએસઆઈ અને પીઆઈ માટેના 12 કરોડના મકાનોનું લોકાર્પણનો અવસર છે.)*

# NHRC CAMP

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દ્વારા ગાંધીનગર ખાતે બે દિવસીય કેમ્પ સિટિંગ અને ઓપન હિયરિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમા 45 કેસોની સુનાવણી કરવામાં આવી હતી. ઘણા કિસ્સાઓમા વળતર, ચુકવણીના પુરાવા સબમિટ કરવામા આવ્યા હતા. 3 કરોડ 5 લાખ રૂપિયાથી વધુનુ વળતર ચુકવવામા આવ્યુ હતું.

સમગ્ર ગુજરાતની ફેક્ટરીઓમા કામદારોના મોતને લગતા કેસો સાંભળવામા આવ્યા હતા અને પરિવારોને યોગ્ય વળતર આપવામા આવ્યું હતું.

આ સાથે રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ બેઠક કરવામા આવી હતી. આ બેઠકમા પોલીસ દ્વારા માનવ અધિકારોનુ ઉલ્લંઘન, દારૂબંધીના કાયદાના યોગ્ય અમલિકરણનો અભાવ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામા આવી હતી.

# PANCHMAHAL CYBER FRAUD

પંચમહાલ જિલ્લામાં સાયબર ઠગાઈના બે અલગ-અલગ કિસ્સામાં **29** લાખ રૂપિયાની છેતરપિંડી થઈ છે. હાલોલ **GIDC**ની એક કંપનીના બેંક ખાતામાંથી અજાણ્યા શખ્સોએ **IMPS** મારફતે ત્રણ ટ્રાન્ઝેક્શનમાં **14** લાખ **2** હજાર રૂપિયા ઉપાડી લીધા હતા.

જ્યારે ગોધરાના રતનપુર કાંટડી ગામના નિવૃત્ત **ASI** રમેશચંદ્ર પરમારને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના નામે વીડિયો કોલ કરી ડિજિટલ અરેસ્ટનો ભય બતાવી **15** લાખ રૂપિયા પડાવી લેવાયા હતા.બંને કિસ્સામા સાયબર ક્રાઇમ પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

.....................................

ડેસ્ક

# JANMASHTMI – 1

રાજ્યભરમાં આજે જન્માષ્ટમી પર્વની આસ્થા અને ભક્તિભાવ સાથે ઉલ્લાસપૂર્વક  ઉજવણી કરવામાં આવી રહી છે.

દ્વારકા સહિત દેશના વિવિધ કૃષ્ણમંદિરોમાં આજે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાશે.

આજે નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી, ના નાદ સાથે દ્વારકાધીશ મંદિર, ડાકોર અને શામળાજી સહિતના મંદિરો ગૂંજી ઉઠશે. જન્માષ્ટમી પ્રસંગે દ્વારકા જગત મંદિરને આજે વિશેષ રીતે શણગારવામાં આવ્યું છે.

આજે વહેલી સવારે શ્રીજીની મંગળા આરતી કરવામાં આવી. ત્યારે અનેક ભાવિકોએ ભગવાનના દર્શનનો લ્હાવો લીધો.

આ સાથે રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાયે કૃષ્ણ જન્મોત્સવની તૈયારીઓની સમીક્ષા કરી હતી. તંત્ર દ્વારા લોકો શાંતિ પૂર્વક રીતે દર્શન કરી શકે એમ રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાયે  જણાવ્યું હતું.

## (BYTE: NIRLIPT RAI)

*(રેંજ લેવલથી પણ બંદોબસ્ત આપવામાં આવેલું છે. એમાં જે છે એ એએસપી અને ડીવાયએસપી અને પીઆઈ અને પીએસઆઈ અને સ્ટાફ દ્વારા જે છે આજે વ્યવસ્થિત રીતનું બંદોબસ્ત ગોઠવવામાં આવેલું છે. દ્વારકામાં આજે પધારેલ છે તમામ ભક્તોને યા આવતી કાલે જે આવવાના છે તમામ ને હું જન્માષ્ટમી પર્વની ખૂબ ખૂબ જે છે વધાઈ આપું છું.)*

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર મંદિર જન્માષ્ટમીની પૂર્વ સંધ્યાએ રોશનીથી જગમગી ઉઠ્યું હતું. વિવિધ કળા - કૃતિઓની ઝાંખી સાથે કરવામાં આવેલાં રોશની લોકાકર્ષણનું કેન્દ્ર બની હતી. આજે 12 ના ટકોરે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે અને આવતીકાલે નંદમહોત્સવ ઉજવાશે.

# JANMASHTMI – 2

જન્માષ્ટમી નિમિત્તે પહેલીવાર અમદાવાદ ઇસ્કોન મંદિરમાં 300 ડ્રોન દ્વારા ભવ્ય લાઈટ શો યોજાશે. આ શોમાં મટકી ફોડ અને મોરપીંછ સહિત કૃષ્ણલીલાના વિવિધ દશ્યો રજૂ કરાશે. 1 લાખથી વધુ ભક્તો તેના સાક્ષી બનશે.

# DISTRICT LOKMELO

રાજયભરમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના મહાપર્વને લઈને સૌરાષ્ટ્રભરમાં લોકમેળાનુ આયોજન કરવામા આવ્યું છે.

ભાવનગર મહાનગરપાલિકા આયોજીત જન્માષ્ટમી લોકમેળામા કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવીયા અને કેન્દ્રિય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાની હાજરીમા જન્માષ્ટમી મહોત્સવનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

જ્યારે રાજ્ય મંત્રી કાંતિ અમૃતિયા અને ધારાસભ્યોની હાજરીમા "ધ્રાંગધ્રા લોકમેળા"નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ચાર દિવસીય લોકમેળાની રંગત માણવા લોકો ઉમટી રહ્યા છે. લોકમેળાના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી અમૃતિયાએ જણાવ્યું હતું કે સ્થાનિક કળા અને સ્થાનિક રોજગારીને વધુ પ્રોત્સાહન આપવા માટે તમામ જરૂરી મદદ કરવામાં આવશે.

આ પ્રસંગે તેમણે મોરબીમાં બનાવેલા 'નમો વન' અને 15 હજાર પશુઓ માટેના પાંજરાપોળ જેવા સેવાકીય કાર્યોનો ઉલ્લેખ કરીને ધ્રાંગધ્રામાં પણ માનવ મંદિર અને યોગ કેન્દ્ર જેવી પ્રવૃત્તિઓ વિકસાવવા પર ભાર મૂક્યો હતો.

# DAMRU YATRA

ગ્રામીણ ઉદ્યોગ રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોર, રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીત તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ રાજ્યમંત્રી દર્શના વાઘેલા મહેસાણાના વડનગરમાં યોજાયેલી ડમરું યાત્રામાં સહભાગી થયાં.

શ્રાવણોત્સવ અંતર્ગત ભવ્ય ડમરું યાત્રામાં 108 કલાકારોના નાદ સાથે સમગ્ર વડનગર શિવમય બન્યું. કીર્તિ તોરણથી હાટકેશ્વર મહાદેવ સુધીના ભવ્ય માર્ગ પર સાંસ્કૃતિક અને ધાર્મિક ઉત્સાહનો સંગમ પણ જોવા મળ્યો. આ અંગે સુશ્રી વાઘેલાએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: DARSHANA VAGHELA, MINISTER OF STATE - URBAN DEVELOPMENT AND URBAN HOUSING)**

*(આ યાત્રા ગામના અલગ અલગ વિસ્તારમાંથી નીકળી અને હાટકેશ્વર મહાદેવ અહીંયા સમાપન થાય છે. અને આખા રૂટમાં અલગ અલગ જે ચાર ચોકો આવે છે ત્યાં ગાળી આ યાત્રામાં ડમરૂંના જે ભાઈઓ છે એ સરસ નૃત્ય કરે છે અને ડમરૂં વગાડે છે. આખું ગામમાં શિવમય વાતાવરણ થાય છે.)*

# ARCHERY COMPETITION

અમદાવાદમાં આવતીકાલથી 9 સપ્ટેમ્બર દરમિયાન વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ દિવ્યાંગ તીરંદાજો માટે યોજાતી આંતરરાષ્ટ્રીય તીરંદાજી સ્પર્ધાનું આયોજન કરાયું છે.

આ સ્પર્ધામાં વિવિધ 19 દેશોના 108 જેટલા તીરંદાજો ભાગ લેશે. આ સ્પર્ધાનો ઔપચારિક ઉદ્ઘાટન સમારોહ આજે યોજાશે.

આ સ્પર્ધામાં ભારત તરફથી પેરિસ 2024 પેરાલિમ્પિક ચેમ્પિયન હરવિન્દર સિંહ, વર્લ્ડ પેરા આર્ચરી ચેમ્પિયન અને પેરાલિમ્પિક પદક વિજેતા શીતલ દેવી, અર્જુન પુરસ્કાર વિજેતા રાકેશ કુમાર અને શ્યામ સુંદર સ્વામી જેવા પ્રખ્યાત ખેલાડીઓ ભાગ લેશે.

આ સ્પર્ધા 2026ની પેરા સિરીઝનો ત્રીજો તબક્કો છે. ચોથો અને અંતિમ તબક્કો ઓક્ટોબરમાં ચિલીના સેન્ટિયાગોમાં યોજાશે. આ સ્પર્ધામાં ભારત, ચીન, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, હંગેરી, ઇન્ડોનેશિયા, ઈરાન, કઝાકિસ્તાન, મેક્સિકો, સ્લોવાકિયા, અમેરિકા, ઉઝબેકિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, સાયપ્રસ, ચેકિયા, ઇરાક, રશિયા અને શ્રીલંકા ભાગ લેશે.

# KUTCH - EARTHQUAKE

કચ્છમાં ગઇકાલે એક જ દિવસમાં ભૂકંપના બે આંચકા અનુભવાયા હતા.

ઇન્સ્ટિટ્યૂટ ઓફ સીસ્મોલોજીકલ રિસર્ચના રિપોર્ટ અનુસાર, ગઇકાલે ભચાઉ અને દુધઈ નજીક કેન્દ્ર બિંદુ ધરવાતા બે આંચકા નોંધાયા હતા. ગત સવારે પોણા અગિયાર વાગ્યે દુધઈથી **24** કિલોમીટર દૂર **3.0** ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. - સાંજે પોણા આઠ વાગ્યે ભચાઉથી **22** કિલોમીટર દૂર **3.6** ની તીવ્રતાનો બીજો આંચકો અનુભવાયો હતો.

# MAHISAGAR FARMER ON AVEDAN

મહીસાગર જિલ્લામાં છેલ્લા એક મહિનાથી વરસાદ ન પડતાં ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. લાંબા સમયથી વરસાદ ખેંચાવાના કારણે વાવેતર કરેલો પાક સુકાઈ રહ્યો છે જેનાથી ખેડૂતોમા ચિંતા વ્યાપી છે. જેના કારણે ભારતીય કિસાન સંઘ દ્વારા મહિસાગરને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે તેવી સરકાર પાસે રજૂઆત કરાઈ છે.

પશુઓ માટે ઘાસચારાની અછત ન સર્જાય તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા, સ્થાનિક તળાવો નર્મદા અથવા કેનાલના પાણીથી ભરવા તેમજ ખેતી માટે ખેડૂતોને નિયમિત અને પૂરતા પ્રમાણમાં વીજળી પૂરી પાડવા રજૂઆત કરવામાં આવી છે.

# SURAT TEACHER AWARD

સુરતના ભટારની વિદ્યાભારતી હિન્દી વિદ્યાલયના શિક્ષિકા લીનાબેન દેસાઈને ઉત્કૃષ્ટ કામગીરી બદલ ૫મી સપ્ટેમ્બર શિક્ષક દિન નિમિત્તે રાજ્યપાલ અને મુખ્યમંત્રીના હસ્તે રાજ્ય કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત કરવામાં આવશે.

લીનાબેન દેસાઈએ અત્યાર સુધીમાં 600થી વધુ વિદ્યાર્થીઓને જિલ્લા, રાજ્ય અને નેશનલ લેવલની રમતો સુધી પહોંચાડ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ રમત-ગમતમાં શ્રેષ્ઠ દેખાવ કરી રાજ્યના પ્રતિષ્ઠિત સરદાર પટેલ એવોર્ડ અને દિગ્વિજય એવોર્ડ પ્રાપ્ત કરીને શાળા અને સુરત જિલ્લાનું નામ રોશન કર્યું